શ્રેષ્ઠતાની સીમા શ્રીદેવી: અભિનેત્રી કે અકળ ઉખાણું?

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુને વરસો થઈ ગયાં અને એની પાછળનું રહસ્ય હજી એમનું એમ જ છે. હવે મીડિયાવાળાઓ પણ ગોસિપ કરીને, અટકળો કરીને કે આરોપો મૂકીને થાકી ગયા છે. કલાકારના ભેદી મોત પાછળ જેટલું રાજકારણ રમાવાનું હતું, એ પણ રમાઈ ચૂક્યું છે. સુશાંત જેટલું જ એક બીજું ભેદી મોત હતું - શ્રીદેવીનું મોત. આજથી નવ વર્ષ પહેલાં દુબઈની એક હોટલમાં 24 ફેબ્રુઆરી, 2018ના રોજ બાથટબમાં તેમનું શરીર મળી આવ્યું હતું. કોઈ કહે છે હત્યા, કોઈ કહે છે અકસ્માત



કોઈ સાથે વધારે વાતચીત નહીં, પણ એક વાર કેમેરા શરૂ થાય તો હજારો અશ્વોની ઊર્જા તેમનામાં આવી જાય!

પણ જીવનમાં કે મોતમાં, શ્રીદેવી પોતે જ એક ઉખાણું હતાં! તો આજે ભેદી સંજોગોમાં વિદાય લેનારી આ અકળ અભિનેત્રી વિશેની ઘણી વાતો શેર કરવાનું મન થાય છે.

આમ તો તેઓ બાળ કલાકાર હતાં પરંતુ 1976થી સાઉથમાં સ્ટાર બની ગયાં અને પછી 1983માં માત્ર એક જ ફિલ્મ 'હિમ્મતવાલા'થી નંબર-1ની પોઝિશન પર પહોંચી ગયાં. જે 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ 'હિમ્મતવાલા'ના રિવ્યૂમાં શ્રીદેવી વિશે ભદ્દી, અભિનય પ્રતિભા વિનાની, સ્થૂળ અને વિચિત્ર જેવા શબ્દો લખ્યા હતા, એ જ ટાઈમ્સ ગ્રુપના 'ફિલ્મફેર' મેગેઝિનના કવરપેજ પર પછી શ્રીદેવી ચમક્યાં. મારા પપ્પાના 'છેલ'ના પાર્ટનર પરેશ દટ્ટનાં પત્ની લીના દટ્ટ તે સમયે ફિલ્મલાઈનના નંબર-1 ડ્રેસ ડિઝાઈનર હતાં. એક દિવસ હું તેમના ઘરે બેઠો હતો ત્યારે રેખા તેમને મળવા આવ્યાં અને શ્રીદેવીની વાત નીકળી. ત્યારે રેખાએ તરત કહ્યું, "અમિતજી કી ફેવરિટ હૈ આજકલ! કલ કી સુપરસ્ટાર હૈ." ત્યારે જ મને સમજાઈ ગયું હતું કે શ્રીદેવી કેટલી મોટી સ્ટાર છે અથવા થવાની છે. શ્રીદેવી સાથે મારી પોતાની અમુક યાદો છે. ઘણી બધી નથી પણ દિલચસ્પ છે. 2003-04ના અરસામાં શ્રીદેવીના નિર્માતા પતિ બોની કપૂરે (અનિલ કપૂરના મોટા ભાઈ, અર્જુન કપૂરના પિતા) સહારા પરિવારના સુબ્રતો રોય પાસેથી ઘણું ફાઈનાન્સ લીધું હતું અને સહારા ચેનલ માટે સીરિયલ બનાવવાનું નક્કી કર્યું હતું. અનેક લેખકોને બોનીએ એપ્રોચ કર્યા પરંતુ શ્રીદેવીની ટેલેન્ટને અનુરૂપ કોઈ સ્ક્રિપ્ટ મળી નહીં. પછી દિગ્દર્શક-અભિનેતા સતીષ કૌશિકે મને પૂછ્યું અને શ્રીદેવી માટે 'હમારી બહુ માલિની અય્યર' નામની સીરિયલ મેં લખી. એક પંજાબી પરિવારમાં સાઉથ ઈન્ડિયન વહુના કેવા હાલ થાય તેની કોમેડી હતી. મારા પહેલાં 10-12 મોટા રાઈટરોને તેઓ 'ના' પાડી ચૂક્યાં હતાં. હવે બધો આધાર શ્રીદેવીની એક 'હા' પર હતો, એટલે હું નર્વસ હતો. બોની કપૂરના ઘરે સાંજે મીટિંગ થઈ. સતીષ કૌશિક, બોની કપૂર, અનિલ કપૂર વગેરે બધા હાજર હતા પણ મેડમ ડ્રોઈંગરૂમમાં દેખાતાં નહોતાં. થોડી વારમાં મેડમ સફેદ સલવાર-કમીઝમાં આવ્યાં. ઓળખાણ થઈ. એક ચુંબકીય, મોહક સ્મિત સાથે તેમણે મને ક્લીન બોલ્ડ કરી નાખ્યો. ફિલ્મો છોડ્યાનાં વર્ષો પછી પણ એ જ રૂપ, એ જ ઠસ્સો અને આંખોમાં ગૂઢ ઉખાણું. અદ્દલ તેમના મોત જેવું જ! પણ એ દિવસે પહેલી મુલાકાતમાં મેં શ્રીદેવીનું અલગ જ રૂપ જોયું. સાવ સામાન્ય ગૃહિણીની જેમ સૌની આગતા-સ્વાગતા કરતી હતી, પતિની દવાઓ વિશે પૂછતી હતી અને પલાંઠી વાળીને સીરિયલ વિશે વાતો શરૂ કરી. મેં તેમને કન્સેપ્ટ અને 'માલિની અય્યર'નું પાત્ર સંભળાવ્યું. સામેથી કોઈ જ રિએક્શન નહીં! મેં વાત અટકાવીને પૂછ્યું, "મેડમ, તમને ઈન્ટરેસ્ટિંગ લાગે છે? તો જ આગળ સંભળાવું."

ત્યારે શ્રીદેવીએ ગૂઢ સ્મિત આપ્યું અને ધીમેથી બોલ્યાં, "મારે તમારો ફ્લો અટકાવવો નહોતો... હું વિચારતી હતી કે આને કેવી રીતે ભજવી શકાય?" પછી તેમણે હાવભાવ, કપડાં વગેરે વિશે વાત શરૂ કરી એટલે સમજાયું કે તેમને રસ પડ્યો છે. પછી થોડું વિચારીને કહ્યું, "મેરે કેરેક્ટર કે લિયે કોઈ એસી લાઈન હો, જો સીરિયલ કે ટ્રેલર મેં હમ રખ સકેં ઔર વો હિટ હો જાય!" ત્યારે મને સમજાયું કે 350 ફિલ્મો અને સતત 40 વર્ષ પાંચ ભાષાઓમાં કામ કરનાર કલાકાર પાસે કેટલી શાર્પનેસ હોય છે. મેં તરત જ કહ્યું, "આઈ એમ માલિની અય્યર... બી.એ. વિથ તામિલ, ઇસ મેં ઈંગ્લિશ ભી શામિલ!" તરત જ એ લાઈન શ્રીદેવીએ બે-ત્રણ રીતે બોલીને બતાવી પણ પાછાં અચાનક સાવ ખામોશ... કોઈ અકળ ઉખાણાંની જેમ ચૂપ! મેં અનેક હિરોઈનો સાથે કામ કર્યું છે. રૂપના અભિમાન કે સામેનો માણસ વધારે નજીક ન આવી જાય એ માટે લગભગ દરેક હિરોઈન એક નકલી કવચ રાખતી હોય છે પણ શ્રીદેવીની આસપાસ તો અભેદ કિલ્લો હતો. કિલ્લો પણ કેવો? કાચ જેવો પારદર્શક. તમે તેમની આરપાર તેમને જોઈ શકો પણ પ્રવેશી ન શકો. ખરેખર શ્રીદેવી તેમના મોતની જેમ એક ઉખાણું જ હતાં અને છેક સુધી રહ્યાં. કોઈ સાથે વધારે વાતચીત નહીં પણ એક વાર કેમેરા શરૂ થાય તો હજારો અશ્વોની ઊર્જા તેમનામાં આવી જાય. કેમેરા બંધ થાય તો પાછાં મૌનમૂર્તિ! હિન્દી કાચું હોવાથી ડાયલોગ યાદ કરાવવા એક હિન્દીભાષી મહિલા સાથે રાખતા પણ કામ દરમિયાન તમારી સાથે હસતી-બોલતી કલાકાર શૂટિંગ પછી સાવ અજાણી વ્યક્તિ બની જતી.

પછી એ જ સીરિયલ માટે અમે કેનેડા ગયાં. ત્યાં મને એક એપિસોડ રિકેક્ટ કરવાનો મોકો પણ મળ્યો. કેનેડાના વિશાળ એરપોર્ટની ભીડ હોય કે સડકની ધમાલ, શ્રીદેવી સાવ નવા કલાકારની જેમ કામ કરતાં. કોઈ ઈગો નહીં, કોઈ નખરાં નહીં. રાત્રે બાર વાગે પણ કચકચ નહીં અને સવારે ઊઠીને તરત જ જીમમાં જઈને શરીર સાચવતાં. કામની તૈયારી અને કામ માટેનું પેશન તો શ્રીદેવી પાસેથી શીખવા જેવી વાત હતી. સીરિયલના અમુક એપિસોડ બન્યા પછી તેમને ક્યાંક ક્યાશ લાગી તો ફરી શૂટિંગ કર્યું. સીરિયલોમાં આવું કોણ કરે? અને એ પણ સહારા જેવી નાની ચેનલ માટે! મેં શ્રીદેવી જેવી ફિલ્મના માધ્યમની સમજ ભાગ્યે જ કોઈ હિરોઈનમાં જોઈ છે. શૂટિંગ વખતે શ્રીદેવીની પીઠ પાછળ ક્યાંક દૂર કોઈ લાઈટ પણ બંધ થઈ જાય તો પણ ચાલુ શોટમાં તેમને ખબર પડી જાય! અભિનય કરતી વખતે કદાચ તેઓ પોતાની બહાર નીકળીને પોતાને જોઈ શકતાં! કદાચ પરકાયા પ્રવેશ કરી શકતાં! જો એવું ખરેખર હોય, તો તેઓ પોતાનામાં શું જોતા હશે? એક પત્ની, એક સ્ટાર કે એક ગુમસુમ, ઉદાસ સ્ત્રી? એ બધા સવાલ તેમના મોતની જેમ ઉખાણાં જ રહેશે. સુશાંત સિંહના મોતની જેમ જ 2018માં ન્યૂઝ ચેનલોએ શ્રીદેવીની કાલ્પનિક લાશને બાથટબમાં સૂતેલી દેખાડીને જાતજાતની ગોસિપ કરી હતી. તેમના મૃત્યુ પાછળ પણ પ્રેમપ્રકરણથી માંડીને કોઈ કાવતરાં સુધીની અનેક અટકળો ઊભી થઈ હતી પરંતુ એ બધાથી પર, સુપરસ્ટાર શ્રીદેવી જેટલી અકળ રીતે જીવ્યાં, એટલી જ અકળ ગૂઢતા સાથે વિદાય પણ લઈ ગયાં.

બાય ધ વે, કાલે 13મી ઑગસ્ટે શ્રીદેવીજીની જન્મતિથિ છે!

સંગત સિતારોં કી

★ સંજય છેલ

ડિજિટલ યુગમાં ઘણું શીખ્યા, પણ આવું નોહતું શીખવાનું!

સમયની સાથે સાથે માનવ સમાજ, તેની સંસ્કૃતિ અને મૂલ્યોમાં અનેક પરિવર્તનો આવતા રહ્યા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપણું જીવન ચોક્કસપણે સરળ, ઝડપી અને સુવિધાજનક બનાવ્યું છે. આજે હજાર કિલોમીટર દૂર બેઠેલી વ્યક્તિ સાથે ક્ષણભરમાં ચહેરા જોઈને વાત કરી શકાય છે, એક ક્લિક પર નાણાંની લેવડદેવડ થઈ શકે છે, પરંતુ શું આ ટેકનોલોજી આપણી આત્મા અને સંવેદનાઓને પણ યાંત્રિક બનાવી રહી છે? તાજેતરમાં સામે આવેલાં એક અત્યંત કરુણ અને આઘાતજનક અહેવાલે આપણી આખી સામાજિક વ્યવસ્થા, કૌટુંબિક સંબંધો અને આપણી નૈતિક ચેતના સામે એક બહુ મોટો અને વેધક પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કર્યો છે. એક પિતાના અંતિમ સંસ્કાર માટે દીકરીઓ રૂબરૂ આવવાને બદલે વીડિયો કોલ પર આખી વિધિ જોઈ રહી છે અને વિધિ કરાવનારને ઓનલાઈન પાંચ હજાર રૂપિયા ટ્રાન્સફર કરીને પોતાની ફરજ પૂરી કરી લે છે! આ ઘટના માત્ર એક પરિવારની કહાની નથી,



પણ તે આપણા સમગ્ર સમાજમાં આવી રહેલા ભયાનક વૈચારિક અને ભૌતિકવાદી ક્ષયનું એક જીવંત અને દર્દનાક પ્રતીક છે.

જે ભારત દેશમાં માતા-પિતાને સાક્ષાત પરમેશ્વરનો દરજ્જો આપવામાં આવ્યો છે, જ્યાં 'માતૃદેવો ભવઃ' અને 'પિતૃદેવો ભવઃ'ના સંસ્કારો લોહીના કણમાં વણાયેલા છે, તે જ ભૂમિ પર જ્યારે આવી ઘટના બને છે ત્યારે હૃદય કંપી ઊઠે છે. પિતા, જેણે પોતાનું આખું આયખું બાળકના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે હોમી દીધું હોય, જેણે પોતાના સુખોનો ત્યાગ કરીને દીકરીઓને ભણાવી-ગણાવીને મોટા કર્યા હોય, તે જ પિતા જ્યારે આ ફાની દુનિયામાંથી વિદાય લે છે ત્યારે તેને કંધો આપવા કે તેની આખરી યાત્રામાં બે આંસુ સરખા વહાવવા માટે તેની પોતાની જ સંતતિ પાસે સમય નથી હોતો! ઓનલાઈન વીડિયો કોલ પર અંતિમ દર્શન કરી લેવા અને ગૂગલ પે કે PTM દ્વારા પાંચ હજાર રૂપિયા મોકલીને 'અંતિમ સંસ્કારનો ખર્ચ' ચૂકવી દેવો! શું આ જ આપણા યુગની નવી કૌટુંબિક વ્યાખ્યા છે? શું આપણી સંવેદનાઓ એટલી સીમિત અને સસ્તી બની ગઈ છે કે તેને રૂપિયાથી તોલી શકાય?

અંતિમયાત્રાનો ઓનલાઇન વીડિયો કોલ!: પિતાના અંતિમ સંસ્કાર માટે રૂબરૂ આવવાને બદલે ઓનલાઇન પૈસા ટ્રાન્સફર કરીને ફરજ પૂરી, શું આપણો સામાજિક ઢાંચો હચમચી રહ્યો છે?

જો આ સમગ્ર ઘટના અને તેની પાછળના સામાજિક પરિમાણોનું ઊંડાણપૂર્વક પૃથ્થકરણ કરવામાં આવે, તો આપણને સમજાય છે કે આપણો સામાજિક ઢાંચો ખરેખર અંદરથી હચમચી રહ્યો છે અને કડાકાભેર તૂટી રહ્યો છે. પ્રથમ પાસું એ છે કે આપણે ભૌતિક સગવડો અને કારકિર્દીની આંધળી દોડમાં એટલા આગળ નીકળી ગયા છીએ કે સંબંધો પાછળ પડી રહી ગયા છે. આજના આધુનિક યુગમાં વ્યક્તિ પાસે પોતાની નોકરી, વ્યવસાય, સોશિયલ મીડિયા અને અંગત સગવડો માટે સમય છે, પરંતુ પોતાના જ જન્મદાતાના અંતિમ સમયે હાજર રહેવાની નૈતિક જવાબદારી માટે સમય નથી. આ એક એવી કરુણતા છે, જ્યાં લાગણીઓ પર કામકાજ અને અનુકૂળતાનો ભુરખો ઓઢાડી દેવામાં આવ્યો છે. જતી વખતે પિતાના પાર્થિવ દેહને સ્પર્શ કરીને જે શાંતિ અને આશીર્વાદ મળે છે, તેને એક નાનકડી મોબાઈલ સ્ક્રીન ક્યારેય સ્થાન આપી શકતી નથી.

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

બીજું મહત્ત્વનું પાસું ટેકનોલોજીનો અતિરેક અને તેનાથી માનવીય સંવેદનાઓમાં આવેલી શુષ્કતા છે. ટેકનોલોજી એ અંતર ઘટાડવા માટે બની હતી, પરંતુ તે આજે મનની આત્મીયતાને જ ખતમ કરી રહી છે. વીડિયો કોલ દ્વારા વિધિ જોવી એ અંતરનું બહાનું હોઈ શકે છે, પરંતુ તે હકીકતમાં મનની તીવ્ર ઉદાસીનતા દર્શાવે છે. પહેલાના જમાનામાં જ્યારે વાહન વ્યવહારના સાધનો નહોતા, ત્યારે પણ લોકો દિવસો સુધી પ્રવાસ કરીને પોતાના સ્વજનના અંતિમ દર્શન માટે પહોંચતા હતા, કારણ કે તેમનામાં આત્મીયતા અને લાગણીનો સબંધ હતો. આજે વિમાન અને બુલેટ ટ્રેનના યુગમાં આપણી પાસે પહોંચવાની ક્ષમતા છે, પણ પહોંચવાની ઈચ્છાશક્તિ જ મરી પરવારી છે. પૈસા મોકલીને ફરજમાંથી મુક્ત થઈ જવાની માનસિકતા એ સંવેદનાહીન સામાજિક વ્યવસ્થાનું સૌથી મોટું અને ભયાનક લક્ષણ છે.

ત્રીજી અને સૌથી ગંભીર બાબત એ છે કે આ ઘટના આપણી એકલવાયાપણું વધારતી જીવનશૈલી તરફ ઈશારો કરે છે. આજે એકલવાયા વૃદ્ધોની સંખ્યા દેશમાં ફૂટકે ને ભૂસકે વધી રહી છે. મા-બાપ પોતાના સંતાનોને ઉત્તમ શિક્ષણ આપે છે, જેથી તેઓ વિદેશ કે મોટા શહેરોમાં જઈને સ્થાયી થાય, પરંતુ તે સંતાનો મોટા થઈને પોતાની એક અલગ દુનિયા વસાવી લે છે, જ્યાં મા-બાપ માત્ર જરૂરિયાત સમયે નાણાં મોકલવા કે ફોન પર વાત કરવા પૂરતા મર્યાદિત બની જાય છે. વૃદ્ધાવસ્થામાં જ્યારે મા-બાપને પૈસા કરતાં પણ વધુ પોતાના સંતાનોના સાનિધ્ય, પ્રેમ અને આદરની જરૂર હોય છે, ત્યારે તેમને એકલતાના અંધકારમાં છોડી દેવામાં આવે છે અને અંતે જ્યારે તેમનો શ્વાસ થંભી જાય છે, ત્યારે પણ માત્ર નાણાકીય વ્યવહાર કરીને પ્રકરણ પૂરું કરવામાં આવે છે.

ચોથું પાસું આપણી સામાજિક અને ધાર્મિક પરંપરાઓના વિઘટન સાથે જોડાયેલું છે. અંતિમ સંસ્કાર એ માત્ર એક વિધિ નથી, પણ તે મૃત આત્મા પ્રત્યેનો કૃતજ્ઞતાભાવ છે. પિંડદાન, અગ્નિદાહ અને અંતિમ યાત્રા એ સંતાન દ્વારા પિતા પ્રત્યે અદા કરવામાં આવતું અંતિમ ઋણ છે. જ્યારે આ પવિત્ર અને ગંભીર વિધિઓને પણ એક પ્રોફેશનલ સેવાની જેમ જોવામાં આવે અને વીડિયો કોલ દ્વારા પતાવી દેવામાં આવે, ત્યારે સંસ્કારોનું પતન સ્પષ્ટ દેખાય છે. સમાજમાં હવે પડોશીઓ, સંબંધીઓ કે ધાર્મિક સંસ્થાઓ પૈસા લઈને અંતિમ વિધિ કરી આપે છે અને પરિવારજનો દૂર બેઠા બેઠા તમાશો જુએ છે. આ પરિસ્થિતિ સાબિત કરે છે કે આપણો સમાજ સંવેદનાત્મક રીતે કેટલો કંગાળ બની ચૂક્યો છે.

પાંચમી ક્ષતિરહિત વાસ્તવિકતા એ છે કે આ ઘટના આ સમાજમાં રહેતાં દરેકને ભવિષ્ય સામે અરીસો ધરે છે. આજનાં સંતાનો તેનાં મા-બાપ સાથે આવું વર્તન કરી રહ્યા છે, તો આવનારી પેઢી તેમની સાથે કેવું વર્તન કરશે? બાળકો એ જ શીખે છે જે તેઓ પોતાના ઘરમાં જોતા હોય છે. જો તેઓ બાળપણથી જ એ જોશે કે દાદા-દાદીની સંભાળ કે તેમની અંતિમક્રિયા વીડિયો કોલ અને પૈસાથી પતી જાય છે, તો આવતીકાલે તેઓ પણ પોતાના મા-બાપ સાથે એ જ વ્યવહાર કરશે. આ એક એવું દૂષિત ચક્ર છે જે સમગ્ર માનવજાતના આત્માને કોરી ખાશે.

આ આખી ઘટના માત્ર એક સમાચાર નથી, પણ તે એક આત્મમંથનની ક્ષણ છે. શું આપણે ખરેખર પ્રગતિ કરી રહ્યા છીએ? જો અબજો રૂપિયાની સંપત્તિ, ઊંચી પદવીઓ અને આધુનિક ગેજેટ્સ હોવા છતાં આપણે આપણા જન્મદાતાના અંતિમ સમયે તેમની પાસે ઊભા ન રહી શકીએ, તો આ પ્રગતિ નકામી અને પોકળ છે. પિતાના ત્યાગ અને પ્રેમના બદલામાં ઓનલાઈન મોકલેલા પાંચ હજાર રૂપિયા એ પિતાના સ્નેહનું અપમાન છે, આપણી સંસ્કૃતિનું અપમાન છે.

અંતમાં, આ ઘટના સમાજને ચેતવણી આપે છે કે જો સમયસર નહીં ચેતીએ અને ભૌતિકવાદી માનસિકતાને લગામ નહીં લગાવીએ, તો આગામી સમયમાં માનવીય સંબંધો સંપૂર્ણપણે મૃતપ્રાય બની જશે. વિજ્ઞાનનો ઉપયોગ જીવન સુધારવા માટે કરવો જોઈએ, સંબંધોની જગ્યા પૂરવા માટે નહીં. મા-બાપ જીવતા હોય ત્યારે તેમની સેવા કરવી અને તેમના મૃત્યુ સમયે તેમને માનપૂર્વક અને અશ્રુભીની આંખે આખરી વિદાય આપવી એ દરેક સંતાનની પરમ પવિત્ર ફરજ છે. જો આ ફરજ પણ વીડિયો કોલ અને ઓનલાઈન પેમેન્ટમાં ફેરવાઈ જશે, તો સમાજ તરીકે આપણું અસ્તિત્વ સાચે જ ખાખ થઈ જશે. આજે સવાલ એ નથી કે વીડિયો કોલ પર વિધિ થઈ શકે કે નહીં, પણ સવાલ એ છે કે શું સામાજિક ઢાંચો અને માનવીય આત્મા સાચે જ મૃત્યુ પામ્યાં છે?

સાચી વ્યક્તિને તકલીફ છે

સાચા ભિખારી રહી જાય છે. વાત એકદમ સાચી છે. સાચા ભિખારીને પણ હવે દાન કરતાં લોકો વિચારે છે. આ પરિસ્થિતિ દરેક ક્ષેત્રમાં છે. બગાડ એટલો બધો પ્રવેશી ગયો છે કે સાચી બાબતનું અસ્તિત્વ હશે કે કેમ, તે માટે જ શંકા રહે છે. કોઈને પણ સારી સરકારી નોકરી મળી હોય તો એમ માનવામાં આવે છે કે ક્યાંક પૈસા આપ્યા હશે કે ક્યાંક લાગવગ હશે. આવું બનતું પણ હોય છે. જે વ્યક્તિએ ઈમાનદારીથી, મહેનત કરીને લાયકાત મુજબ નોકરી મેળવી હોય, તેની માટે પણ મનમાં આવી જ ધારણા બંધાતી હોય છે. યોગ્ય વ્યક્તિ પ્રત્યે થયેલો આ અન્યાય છે. સમાજમાં પરિસ્થિતિ જ એવી ઊભી થઈ છે કે યોગ્યતા અને પુરુષાર્થ કરવાની તૈયારીનું જાણે કોઈ મહત્ત્વ જ નથી.

આપણે એક 'રૂપ૬' તરીકે ભિખારીની વાત કરી શકીએ. ભીખ માંગવી એ હવે વ્યવસાય થઈ ગયો છે. કોઈ એજન્સી ભિખારીઓને એકત્રિત કરે છે, તેમને ભીખ માંગવાનું કૌશલ્ય શીખવાડવામાં આવે છે, અન્યની લાગણી સાથે કેવી રીતે રમત રમી શકાય તે વિશે સમજ આપવામાં આવે છે, કેવા પ્રકારની વ્યક્તિને ભીખ આપવા માટે કેવી રીતે મજબૂર કરી શકાય તે દૃષ્ટાંત સાથે શીખવાડવામાં આવે છે, કૃત્રિમ લાચારી તથા મજબૂરીનો ભાવ ચહેરા પર વ્યવસ્થિત આવી શકે તે માટે અભિનયની તાલીમ આપવામાં આવે છે. આ બધું થયા પછી યોગ્ય સ્થાને જે તે ભિખારીની નિયુક્તિ થાય છે. અહીં પણ સ્થાન માટે બોલી બોલાય છે. જે ભિખારી કે ભિખારીઓની ટોળકીએ જે સ્થાન માટે ઊંચી બોલી લગાવી હોય, તેને તે સ્થાનનો ઈજારો મળી જાય છે. ત્યાર પછી ત્યાં તેની જ દાદાગીરી હોય છે. ત્યાં અન્ય કોઈ ભિખારી પ્રવેશ કરી શકતો નથી. ત્યાં કોઈ મજબૂર પરંતુ ઈમાનદાર વ્યક્તિ આવીને બે રૂપિયામાં પેન પણ વેચી શકતી નથી. આ જગ્યા તે ટોળકીનો 'ગરાસ' બની જાય છે. પછી ભીખ માંગવાનો વ્યવસાય ચાલુ થાય છે. આ બધું જોયા પછી પ્રશ્ન તો થાય જ કે જેને દાન કરવામાં આવે છે, તે ખરેખર લાયક હશે કે નહીં. આમાં ખરેખર જેને દાનની જરૂર છે, તે વ્યક્તિ નજરઅંદાજ થઈ જાય છે. આ સમગ્ર ઉદાહરણ એક રૂપક માત્ર છે. પરિસ્થિતિ બધે જ આવી છે.

બગાડ એટલો બધો પ્રવેશી ગયો છે કે સાચી બાબતનું અસ્તિત્વ હશે કે કેમ, તે માટે જ શંકા રહે છે

સમાજની વ્યવસ્થા જ એવી ઊભી થઈ છે કે કોઈ વ્યક્તિ વાસ્તવમાં યોગ્ય હશે, તેમ માનવા કોઈ તૈયાર જ નથી. સમાજમાં એમ માનવા પણ કોઈ તૈયાર નથી થતું કે કોઈ સરકારી કર્મચારીએ કોઈપણ પ્રકારનો ભ્રષ્ટાચાર ન કર્યો હોય. અહીં કોઈ એમ માનવા તૈયાર નથી કે કોઈપણ શિક્ષકે ક્યારેય કોઈ વિદ્યાર્થીની ખોટી તરફેણ ન કરી હોય. કોઈ ટ્રાફિક પોલીસે ક્યારેય ખોટી માંગણી ન કરી હોય, તેમ માનવા પણ કોઈ તૈયાર નથી થતું. તેની સામે કોઈ એમ પણ ન માની શકે કે કોઈ વ્યક્તિએ ક્યારેય ટ્રાફિક પોલીસને લાંચ આપવાનો પ્રયત્ન ન કર્યો હોય. તાળી હંમેશા બે હાથે વાગે છે.

અન્ય બધા જ સમયસર આવતા ન હોવાથી જેમ સમયસર આવનાર વ્યક્તિનો સમય હંમેશા વ્યય થતો હોય છે, તેમ સત્યનિષ્ઠ વ્યક્તિને તકલીફો વધુ વેઠવી પડે છે. તેની સત્યનિષ્ઠા માટે બધા જ શંકા કરતાં હોય છે. તેને પોતાના માર્ગ પરથી વિચલિત કરવાના પ્રયત્નો પણ થાય છે. હંમેશા તેના વિચારો તથા જીવનની મજાક કરવામાં આવે છે. તૂટી જાય તેવા આશયથી તેના માટે તકલીફો ઊભી કરવામાં આવે છે. જો કંઈ હાથમાં ન આવે તો તેના ચરિત્ર પર છાંટા ઉડાડવાનો પ્રયત્ન પણ થતો જોવા મળે છે. ક્યારેક તો એમ લાગે છે કે આ દુનિયા 'સાચા' લોકો માટે નથી. આમ પણ જ્યાં અસત્ય તથા અધર્મનું પ્રભુત્વ હોય, ત્યાં સત્યનિષ્ઠ વ્યક્તિ શું કરી શકે? આજે તો લોકોને એમ માનીને ચાલવામાં પણ વાંધો નથી કે કોઈ લાયક જ નથી, બધા જ અયોગ્ય છે.

મજાની વાત એ છે કે કાગડા બધા જ કાળા છે, કાગડા બધે જ કાળા છે, કાગડા સદાયથી કાળા છે અને કાગડા કાયમ માટે કાળા જ રહેવાના પરંતુ સમજવાની વાત એ છે કે હંસ પણ બધા જ ધોળા છે, હંસ બધે જ ધોળા છે, હંસ સદાયથી ધોળા છે અને તે કાયમ ધોળા જ રહેવા માટે સર્જાયા છે. પ્રશ્ન હંસ અને કાગડાની સંખ્યાના ગુણોત્તરનો છે. હંસ સંખ્યામાં એકલદોકલ છે, જ્યારે કાગડાનાં ટોળેટોળાં ચારે તરફ ફેલાયેલાં છે. આ નિરાશાજનક પરિસ્થિતિ છે. તે ભિખારી હોય કે નોકરિયાત, જે ઈમાનદાર છે તેણે જ નુકસાન વેઠવું પડે છે. સમાજ માટે આ બહુ જોખમી પરિસ્થિતિ છે. જો આ પરિસ્થિતિ ચાલુ રહી, તો ભવિષ્યની પેઢીમાંથી કોઈપણ ઈમાનદાર બનવા તૈયાર નહીં થાય.

વિદ્યાર્થીવર્ગમાં હજુ પણ સત્યનિષ્ઠા જોવા મળે છે. વિદ્યાર્થી હજુ એટલો પ્રદૂષિત થયો નથી. તેમના જીવનમાં હજી ઉચ્ચકોટિના મૂલ્યોનું સ્થાન છે. તેઓ હજી આદર્શમાં અને આદર્શ જીવન જીવવામાં રસ દાખવે છે. આજનો વિદ્યાર્થી-યુવાન હજુ પણ સમાજને સારી દિશામાં લઈ જવા માટે ઉત્સાહી છે. પરંતુ આ બધું લાંબું નહીં ચાલે. જ્યારે તેમને સમાજની વાસ્તવિકતાની જાણ થશે, ત્યારે કદાચ સમાજના પ્રવાહની સાથે તેઓ પણ જોડાઈ જશે. ક્યારેક તો એમ જણાય છે કે આજના યુવાન પાસે અન્ય કોઈ વિકલ્પ પણ નથી. પોતાના આદર્શો અને મૂલ્યોને જાળવી રાખવા તેમની પાસે કોઈ કારણ નહીં હોય અથવા તો તેમ કરવા માટે તેમને કોઈ પ્રોત્સાહન આપનાર નહીં હોય અથવા તો જેની સામે જોઈને આગળ વધી શકાય એવું કોઈ દૃષ્ટાંત તેમની નજરમાં નહીં ચડે. પરિસ્થિતિ ગંભીર છે અને વિકરાળ પણ. પરિસ્થિતિ દુઃખદ છે અને જોખમી પણ.

પરિસ્થિતિ જટિલ છે અને નિરાશાજનક પણ. અહીં તો વ્યવસાયિક ભિખારીઓને કારણે સાચા ભિખારીને જીવન જીવવા માટે ન્યૂનતમ સંસાધનો પણ નથી મળી શકતા.

આંખની અટારી

★ હેમુ ભીખુ